# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૯/ક્વા-૦૪/૨૦૨૨-૨૩/૪૪ તા.03.03.૨૦૨૩

૨00૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૫૯/ક્વા-૦૪/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી રામેશ્વર રીસોર્ટ, ગામ – વેરાવળ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, વેરાવળ

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, વેરાવળ

તારીખ: સોમવાર (૧૩-૦૨-૨૦૨૩)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૩-૦૨-૨૦૨૩ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,અમો વેરાવળ શહેરના બાયપાસ રોડ પર આપના એચ.ટી.ગ્રાહક હોટલ પ્રભાસ (૩૨૭૪૪) ૨૫૦ કે.વી.એ. નું કનેક્શન ધરાવીએ છીએ અમો દ્વારા આપની વેરાવળ કચેરીમાં અમારી હાલની પેઢી મે.પ્રભાસ હોટલ માથી મે.રામેશ્વર રિસોર્ટના નામે કનેક્શન ટ્રાન્સફર કરવાની અરજી જરૂરી ફી રૂ.૧૧૮ તા.૨/૮/૨૨ ના રોજ ભરપાઈ કરાવેલ હતી પરંતુ અમોની હોટલ પ્રભાસ અને રામેશ્વર રિસોર્ટના પાર્ટનર સરખા જ હોવા છતાં પીજીવીસીએલ દ્વારા આ નંફર માટે મજૂરે આપવામાં આવેલ નથી તો આપ સાહેબ અમોને આ બાબતે યોગ્ય નિર્ણય આપવા વિનંતી છે જરૂરી દસ્તાવેજો આ સાથે સામેલ છે અને વધારાના દસ્તાવેજો પણ અમે હિયરીંગ વખતે રજુ કરશું. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 With reference to the above subject, it is to state that Ht consumer no 32774 Hotel prabhas applied for name transfer from Hotel prabhas to Rameshwar Resort located at LS no. 195/1 , 196/2/2, Somnath road,Bhalpara ,Veraval Dist. Gir somnath.

Brief History:

1) Name of Consumer :Hotel Prabhas
2) Consumer No. : 32774, Tariff: HTP-I ,
3) Date of connection : 20-03-2021
4) Contracted Load : 250 KVA

The above said consumer has applied for name transfer from Hotel prabhas to Rameshwar resort registration charges paid on 30.09.22 vide MR No QY 480438 Rs.2360/-this office has sent the Name transfer proposal for approval vide letter no VRD/REV/NT/32774/6351 dated 01.10.2022 with relevant documents to circle office junagadh.And same circle office sent the proposal to corporate office vide no 6844 dated 06.10.22.

3.૧ The observation received from corporate office vide letter no 900 dated 14.10.2022 compliance given vide letter no 7216 dated 20.10.22 again observation received vide letter no 7853 dated 18.11.2022 I.e.”Submit true copy of Regd.(registered before sub registrar)lease deed/regd.conveyance deed executed in the name of applicant(incoming Party) this office gave compliance vide letter no 7866 dated 09.12.22 to circle office junagadh.The partner and ownership details are as under.

| Sr No | Hotel prabhas partner | Rameshwar resort partner | Ownership of land as per sale deed no 754 year 2021 |
|---|---|---|---|
| 1 | Mr.Nathubhai D.Solanki 50% | Ramji Chunilal Pithar 90% | Ramji Chunilal Pithar 90% |
| 2 | Mr.Ramji Chunilal Pithar 40% | Kishan Monjibhai Malamdi 10% | Kishan Monjibhai Malamdi 10% |
| 3 | Mr.Kisan Monji Malamdi 10% | | |

The compliance submitted by this office were found non convincing as per letter no 1271 dated 03.01.2023.The proposal returned by the authority and same this office has informed to party vide letter no 247 dated 12.01.2023.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબ નાં નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર કેશ માં પીજીવીસીએલ નિગમીત કચેરી રાજકોટ ના પત્ર દ્વારા (PGVCL/REV/2022-23/A1-149/1021 તા. 15.11.2022) નીચે મુજબ અરજદાર શ્રી દ્વારા જે જરૂરી દસ્તાવેજી પુરાવા “ SUBMIT TRUE COPY OF REGD. (REGISTERED BEFORE SUB REGISTAR) LEASE DEAD/REGD. (REGISTERED BEFORE SUB REGISTAR) CONVEYANCE DEED EXECUTED IN THE NAME OF APPLICANT (INCOMING PARTY) લેવા માટે હુકમ મળ્યે થી દિન -૧૫ ની અરજદાર શ્રી ને સમય મર્યાદા આપવી જે રજુ કર્યે થી અરજદાર શ્રી ની નામફેર માટે ની અરજી ની આગળ ની કાર્યવાહી કરવી. અને જેમાં કસુર થયે અરજદાર શ્રી ની અરજી રદ કરવી. અને અરજદાર શ્રી ને તે અંગે ની જાણ કરવી.

૪.૨ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧